# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## અગત્યની જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાંત્રિક સંવર્ગની સીધી ભરતી માટે તા. ૨૬/૦૧/૨૦૧૭ ના રોજ જા.ક્ર. ૧૦૯/૨૦૧૬૧૭ - ફિમેલ હેલ્થ વર્કર, વર્ગ-૩ સંવર્ગની જાહેરાત પ્રસિદ્ધ કરી ઓનલાઇન અરજીપત્રકો મેળવવામાં આવેલ છે. જેની પ્રથમ તબક્કાની **MCQ-OMR** પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી તા. ૨૪/૦૯/૨૦૧૭ ના રોજ ગાંધીનગર ખાતેના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે. ઉક્ત સંવર્ગની જગ્યાઓ માત્ર મહિલા ઉમેદવારો માટેની છે. તે મુજબ જાહેરાતમાં નિર્દેશ કરવામાં આવેલ હતો તેમ છતાં ઉક્ત સંવર્ગ માટે કેટલાક પુરૂષ ઉમેદવારોએ ઓનલાઇન અરજીપત્રકો રજીસ્ટર્ડ કરેલ હોવાની વિગતો ધ્યાન પર આવેલ છે. તો ઉક્ત સંવર્ગમાં કોઈ પુરૂષ ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રક રજીસ્ટર્ડ કરેલ હોય અને તા. ૨૪/૦૯/૨૦૧૭ ના રોજ યોજાનાર પરીક્ષા માટેનો કોલ-લેટર ડાઉનલોડ કરેલ હોય તો પણ આ સંવર્ગની જગ્યાઓ માત્ર મહિલા ઉમેદવારો માટેની હોઈ, પુરુષ ઉમેદવારો આ પરીક્ષામાં બેસી શકશે નહી. જેની સંબંધિત ઉમેદવારોએ (પુરૂષ ઉમેદવારોએ) જરૂરી નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

સ્થળ: ગાંધીનગર

તારીખ: ૨૨/૦૯/૨૦૧૭

સચિવ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

ગાંધીનગર